# Signing of the India-Japan Memorandum of Cooperation on Specified Skilled Workers

January 18, 2021

## નિર્દિષ્ટ કૌશલ્ય ધરાવતા કર્મચારીઓ પર ભારત-જાપાન સહકારની યાદી પર હસ્તાક્ષર કરવા

જાન્યુઆરી 18, 2021

1. વિદેશ સચિવ શ્રી હર્ષ વર્ધન શૃંગલા અને ભારતમાં જાપાનનાં રાજદૂત મહામહિમ શ્રી સુઝુકી સાતોશીએ 18 જાન્યુઆરી 2021 નાં રોજ નવી દિલ્હી ખાતે "નિર્દિષ્ટ કૌશલ્ય ધરાવતા કર્મચારી (SSW)" સંબંધિત યંત્રણાની યોગ્ય કામગીરી માટેની ભાગીદારી માટેનાં બેઝિક ફ્રેમવર્ક પર ભારત સરકાર અને જાપાન સરકાર વચ્ચે સહકારની યાદી (MoC) પર હસ્તાક્ષર કર્યા હતા.

2. આ MoC ભારતથી જાપાન તરફ કૌશલ્ય ધરાવતા કર્મચારીઓનાં આવાગમનનો પ્રચાર કરવામાં મદદ કરશે. આ MoC નિર્દિષ્ટ કૌશલ્યોની 14 કેટેગરીઓ આવરે છે જે અંતર્ગત કૌશલ્યોની આવશ્યકતા પૂર્ણ કરતા અને જાપાનીઝ ભાષાની કસોટીઓ પૂર્ણ કરતા ભારતનાં કૌશલ્ય ધરાવતા કર્મચારીઓ કરારનાં આધાર પર જાપાનમાં રોજગારી માટે લાયક બનશે. 14 નિર્દિષ્ટ ઉદ્યોગ ક્ષેત્રોમાં નર્સિંગ કેર, ઈમારત સફાઈ, મટીરિયલ પ્રોસેસિંગ, ઔદ્યોગિક મશિનરી મેન્યુફેક્ચરિંગ, ઈલેક્ટ્રિક અને ઈલેક્ટ્રોનિક ઈન્ફર્મેશન, બાંધકામ, જહાજ નિર્માણ અને જહાજ-સંબંધિત ઉદ્યોગ, ઓટોમોબાઈલ જાળવણી, એવિએશન, લોર્જિંગ, કૃષિ, મત્યોદ્યોગ, ખોરાક અને પીણા ઉત્પાદન અને ખોરાક સેવા ઉદ્યોગનો સમાવેશ થાય છે. જાપાન આ કર્મચારીઓને "નિર્દિષ્ટ કૌશલ્ય ધરાવતા કર્મચારી" તરીકેનો દરજ્જો પ્રદાન કરશે. તેવું પણ અપેક્ષિત છે કે આ MoC અંતર્ગત જાપાન જતા કૌશલ્ય ધરાવતા ભારતીય કર્મચારીઓ જાપાનમાં કામ કરતા હોય ત્યારે નવા કૌશલ્યો મેળવશે. કાર્યકારી વિગતો પર કામ કરવા અને આ પ્રોગ્રામનાં સુગમ અમલીકરણ માટે નજીકનાં ભવિષ્યમાં બન્ને દેશો તરફથી અધિકારીઓ સમાવતા જોઈન્ટ વર્કિંગ ગ્રુપ (JWG) નું ગઠન કરવામાં આવશે.

3. છેલ્લા કેટલાક વર્ષોમાં, ભારત અને જાપાને કૌશલ્યોનાં વિકાસનાં ક્ષેત્રમાં તેઓનાં સહકારને વધારે મજબૂત બનાવ્યો છે. 2016 માં, સમગ્ર ભારતમાં કોલેજોમાં જાપાન-ઈન્ડિયા ઈન્સ્ટિટ્યુટ્સ ફૉર મેન્યુફેક્ચરિંગ (JIM) અને જાપાનીઝ એન્ડોવ્ડ કોર્સીસ (JEC) ની સ્થાપના દ્વારાજાપાનીઝ શૈલીનાં મેન્યુફેક્ચરિંગ કૌશલ્યો અને પ્રથાઓ સાથે 10 વર્ષોમાં 30,000 વ્યક્તિઓને તાલીમ આપવા માટે "મેન્યુફેક્ચરિંગ સ્કિલ ટ્રાન્સફર પ્રોમોશન પ્રોગ્રામ" સમજૂતિ પર બન્ને દેશોએ હસ્તાક્ષર કર્યા હતા. હાલની તારીખ સુધીમાં, 13 JIMs અને 5 JECs કાર્યરત થઈ ચૂક્યા છે. 2017 માં, ભારતીય યુવાઓને મેન્યુફેક્ચરિંગ, આરોગ્યસંભાળ, બાંધકામ, કાપડ અને કૃષિ સહિતનાં વિવિધ ઉદ્યોગ ક્ષેત્રોમાં જાપાનમાં ઈન્ટર્નશિપ ઉપલબ્ધ કરાવવા માટે બન્ને દેશોએ "ટેકનિકલ ટ્રેઈનિંગ પ્રોગ્રામ" સમજૂતિ પર હસ્તાક્ષર કર્યા હતા. નિર્દિષ્ટ કૌશલ્ય ધરાવતા કર્મચારીઓ પરનું MoC કૌશલ્ય નિર્માણનાં ક્ષેત્રમાં ભારત-જાપાન જોડાણ બનાવવાનું એક આગળનું પગલું અંકિત કરે છે.

4. આ હસ્તાક્ષર સમારોહમાં કૌશલ્ય વિકાસ અને ઉદ્યોગ સાહસિકતા માટેનાં મંત્રાલયનાં સચિવ શ્રી પ્રવિણ કુમાર અને જાપાનની એમ્બેસીનાં અધિકારીઓએ પણ હાજરી આપી હતી.

**નવી દિલ્હી**
**જાન્યુઆરી 18, 2021**

DISCLAIMER: This is an approximate translation. The original is available in English on MEA’s website and may be referred to as the official press release.